# તાપી જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ

મૂળ પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામઃ– **શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી**
તેમનો મત વિસ્તારઃ– **(વ્યારા–૧૭૧)**

**અગ્રતા ક્રમ – ૧૩**

**પ્રશ્ન નં. : ૧** છેલ્લા એક વર્ષમાં તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ તાપી જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા–૨૦૧૩ હેઠળ **"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"** અંતર્ગત તાલુકાવાર અનાજનું કેટલુ વિતરણ થયેલ છે?
**(શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી – વ્યારા –૧૭૧)**

**પ્રશ્ન નં. : ૨** **"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" શું છે? અને આ યોજનામાં શું લાભ મળે છે અને કોને લાભ મળે છે? તથા ક્યા સમયગાળા દરમ્યાન લાભ મળેલ છે?**
**(શ્રી મોહનભાઈ ધનજીભાઈ ઢોડિયા –મહુવા–૧૭૦)**

**પ્રશ્ન નં. : ૩** **તાપી જિલ્લામાં રેશનકાર્ડ ધારકોને વિતરણ કરાતા રાશનના જથ્થા અંગે સંગ્રહ શક્તિ અંગે શુ વ્યવસ્થા છે? (શ્રી જયરામભાઈ ચેમાભાઈ ગામીત – નિઝર – ૧૭૨)**

**પ્રશ્ન નં. : ૪** **વન નેશન વન રેશનકાર્ડ (ONORC) યોજના શું છે? અને તે ક્યારથી લાગુ કરવામાં આવી? (શ્રી રાકેશભાઈ દેસાઈ – નવસારી –૧૭૫)**

# પુરક માહિતી

પ્રશ્નઃ–૫ તાપી જિલ્લામાં રાજય સરકારની યોજના પ્રમાણે અનાજ સિવાય અપાતા જથ્થાનું વિતરણ પ્રમાણ તથા વિતરણ ભાવ શું છે?

પ્રશ્નઃ–૬ રાજ્ય અને તાપી જીલ્લામાં ફેબ્રુઆરી–૨૦૨૪ ની સ્થિતિએ કેટેગરીવાર કુલ કેટલા રેશનકાર્ડ ધારકો છે?

પ્રશ્નઃ–૭ ભારત સરકારે “રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો–૨૦૧૩” ક્યારથી અમલમાં મુક્યો અને રાજ્યમાં ક્યારથી લાગુ કરવામાં આવ્યો?

પ્રશ્નઃ–૮ “સાયલન્ટ રેશનકાર્ડ” એટલે શું અને તેને પુનઃ એકટિવ કરવાની શું કાર્યપદ્ઘતિ છે ?

પ્રશ્નઃ–૯ મીલેટમાં કયા પ્રકારના અનાજનો સમાવેશ થાય છે?

પ્રશ્નઃ–૧૦ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ તાપી જીલ્લામાં “રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩” હેઠળ આવરી લેવા માટે તાલુકાવાઈઝ કેટલા રેશનકાર્ડધારકોએ અરજીઓ કરી, કેટલી અરજીઓ મંજૂર/નામંજૂર થઈ અને કેટલી પડતર છે ?

પ્રશ્નઃ–૧૧ જાન્યુઆરી–૨૦૨૩ થી ડિસેમ્બર–૨૦૨૩ દરમિયાન તાપી જિલ્લાની કેટલી વ્યાજબી ભાવની દુકાનોની તપાસો કરવામાં આવી અને શું પગલા લેવામાં આવ્યા?

પ્રશ્નઃ–૧૨ વિકલાંગ/સુરદાસ, એકલ વૃધ્ધ હોય, અસહાય હોય, વાજબી ભાવની દુકાન સુધી જઈ શકે તેમ ન હોય તો તેવા લાભાર્થી માટે કોઈ વ્યવસ્થા સરકારશ્રીએ વિચારેલ છે કે કેમ ?

પ્રશ્નઃ–૧૩ "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩"(એન.એફ.એસ.એ) હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં "અગ્રતા ધરાવતા કુંટુબ" નું રેશનકાર્ડ મેળવવા માટે પાત્રતાના ધોરણો શું છે ?

પ્રશ્નઃ–૧૪ "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩"(એન.એફ.એસ.એ) હેઠળ શહેરી વિસ્તારમાં "અગ્રતા ધરાવતા કુંટુબ" નું રેશનકાર્ડ મેળવવા માટે પાત્રતાના ધોરણો શું છે ?

પ્રશ્નઃ–૧૫ વ્યાજબી ભાવની દુકાન સંચાલકોને લાભાર્થીઓને વિતરણ કરવા માટે જથ્થો ફાળવવાની પદ્ધતિ શું છે?

પ્રશ્નઃ–૧૬ તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર અનાજ સિવાયની અન્ય આવશ્યક ચીજ વસ્તુના જથ્થાના વિતરણની શું માહિતી છે ?

પ્રશ્નઃ–૧૭ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩ હેઠળ કોને લાભ મળવાપાત્ર છે અને તાપી જિલ્લામાં હાલની સ્થિતિએ કેટલા લાભાર્થીઓ નોંધાયેલ છે?

પ્રશ્ન:- ૧ છેલ્લા એક વર્ષમાં તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ તાપી જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા-૨૦૧૩ હેઠળ "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" અંતર્ગત તાલુકાવાર અનાજનું કેટલુ વિતરણ થયેલ છે?

(શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી – વ્યારા –૧૭૧)

જવાબ: માનનીય અધ્યક્ષશ્રી,

રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા-૨૦૧૩ હેઠળ તાપી જિલ્લાની તાલુકાવાર માહે જાન્યુઆરી-૨૦૨૩ થી ડિસેમ્બર-૨૦૨૩ સુધીની અનાજના તાલુકાવાર વિતરણની માહીતીની વાત કરૂ તો..

| ક્રમ | તાલુકાનું નામ | કુલ અનાજ મે.ટન | વિતરણ કરેલ અનાજ (શબ્દોમાં) |
|---|---|---|---|
| ૧ | ઉચ્છલ | ૬૧૫૧ | છ હજાર એકસો એકાવન મે. ટન |
| ૨ | કુકરમુંડા | ૩૨૩૩ | ત્રણ હજાર બસો તેત્રીસ મે. ટન |
| ૩ | ડોલવણ | ૪૮૮૨ | ચાર હજાર આઠસો બ્યાસી મે. ટન |
| ૪ | નિઝર | ૩૭૩૭ | ત્રણ હજાર સાતસો સાડત્રીસ મે. ટન |
| ૫ | વાલોડ | ૪૪૦૬ | ચાર હજાર ચારસો છ મે. ટન |
| ૬ | વ્યારા | ૭૬૧૧ | સાત હજાર છસો અગિયાર મે. ટન |
| ૭ | સોનગઢ | ૧૨૪૮૪ | બાર હજાર ચારસો ચોર્યાસી મે. ટન |
| કુલ | | ૪૨૫૦૪ | બેતાલીસ હજાર પાંચસો ચાર મે.ટન |

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન:–૨ "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" શું છે? અને આ યોજનામાં શું લાભ મળે છે અને કોને લાભ મળે છે? તથા ક્યા સમયગાળા દરમ્યાન લાભ મળેલ છે? (શ્રી મોહનભાઈ ધનજીભાઈ ઢોડિયા –મહુવા–૧૭૦)**

**જવાબ :– માનનીય અદ્યક્ષશ્રી,**

- ભારત સરકાર દ્વારા કોવિડ–૧૯ની મહામારી નિયંત્રણ માટે લાગુ કરાયેલ અનિવાર્ય લોકડાઉન પરિસ્થિતિના કારણોસર ગરીબ લોકોને મુશ્કેલીનો સામનો ન કરવો પડે અને કોઈ પણ વ્યક્તિને ભૂખ્યુ ન રહેવુ પડે અને જરૂરિયાતમંદોને લાભ મળે તે માટે "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" જાહેર કરવામાં આવેલ.
- આ યોજના હેઠળ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ અત્યોંદય અને અગ્રતા ધરાવતા કુટુંબોને એમ બે પ્રકારના રેશનકાર્ડ ધારકોને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત એપ્રિલ–૨૦૨૦ થી માહે ડીસેમ્બર–૨૦૨૨ સુધી કુલ સાત તબક્કામાં રેગ્યુલર મળવાપાત્ર જથ્થા ઉપરાંત વ્યક્તિદીઠ વધારાનુ ૫ કિ.ગ્રા અનાજ વિનામુલ્યે વિતરણ કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૩ માટે માહે જાન્યુઆરી–૨૦૨૩ થી ડીસેમ્બર–૨૦૨૩ સુધી ભારત સરકાર દ્વારા "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" ને વધુ એક વર્ષ લંબાવી NFSA હેઠળ વિનામૂલ્યે અનાજનું વિતરણ કરાયેલ છે.
- માન.વડાપ્રધાનશ્રી દ્વારા "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"ને વધુ પાંચ વર્ષ માટે લંબાવવામાં આવેલ છે, એટલે કે માહે જાન્યુઆરી–૨૦૨૪ થી માહે ડીસેમ્બર–૨૦૨૮ સુધી વિનામુલ્યે અન્ન વિતરણ કરવામાં આવશે.

મુખ્ય પેજ પર જવા માટે

પ્રશ્ન :– ૩ તાપી જિલ્લામાં રેશનકાર્ડ ધારકોને વિતરણ કરાતા રાશનના જથ્થા અંગે સંગ્રહ શક્તિ અંગે શુ વ્યવસ્થા છે?

(શ્રી જયરામભાઈ ચેમાભાઈ ગામીત – નિઝર – ૧૭૨)

જવાબ :– માનનીય અધ્યક્ષશ્રી,

ગુજરાત નાગરીક પુરવઠા નિગમ લીમીટેડના તાપી જીલ્લા ખાતે નિગમની માલીકીના અનાજ સંગ્રહ માટે કુલ ૧૫ ગોડાઉનો છે. તેમાં ૧૪,૦૦૦ મે.ટન સંગ્રહશક્તિ ઉપલબ્ધ છે.

તાપી જીલ્લાની તાલુકા વાઈઝ સંગ્રહશક્તિની વિગત આ મુજબ છે.

| અ.નું | તાલુકાનું નામ | ગોડાઉન (બિલ્ડિંગ) સંખ્યા | સંગ્રહ શક્તિ (મે.ટન) |
|---|---|---|---|
| ૧ | વાલોદ | ૩ | ૧૫૦૦ |
| ૨ | વ્યારા | ૨ | ૩૫૦૦ |
| ૩ | સોનગઢ | ૪ | ૩૫૦૦ |
| ૪ | ઉચ્છલ | ૨ | ૧૦૦૦ |
| ૫ | કુકરમુંડા | ૩ | ૨૫૦૦ |
| ૬ | ડોલવણ | ૧ | ૨૦૦૦ |
| કુલ | | ૧૫ | ૧૪૦૦૦ |

મુખ્ય પેજ પર જવા માટે

પ્રશ્ન:- ૪ વન નેશન વન રેશનકાર્ડ યોજના શું છે? અને તે ક્યારથી લાગુ કરવામાં આવી?

(શ્રી રાકેશભાઈ દેસાઈ – નવસારી –૧૭૫)

જવાબ :- માનનીય અધ્યક્ષશ્રી,

"વન નેશન વન રેશનકાર્ડ" હેઠળ દેશના રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના લાભાર્થી ગુજરાત રાજ્યના કોઈ પણ ગામ કે શહેરની કોઈ પણ વ્યાજબી ભાવની દુકાનેથી પોતાની આધાર આધરિત ઓળખ આપીને અનાજનો જથ્થો મેળવી શકે છે. તેવી જ રીતે ગુજરાત રાજ્યના લાભાર્થીઓ અન્ય રાજ્યો કે કેન્દ્રશાસિત પ્રદેશમાં પોતાની આધાર આધારિત ઓળખ પ્રસ્થાપિત કરીને અનાજનો જથ્થો મેળવી શકે છે.

- રાજયમાં વર્ષ ૨૦૧૯ થી "વન નેશન વન રેશનકાર્ડ" યોજના લાગુ કરવામાં આવેલ છે.
- હાલમાં "વન નેશન વન રેશનકાર્ડ" હેઠળ રાશનકાર્ડની રાષ્ટ્રીય પૉર્ટબિલીટીની સુવિધા રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશમાં અમલી થયેલ છે.
- જે અંતર્ગત છેલ્લા એક વર્ષમાં માહે જાન્યુઆરી-૨૦૨૩ થી ડિસેમ્બર-૨૦૨૩ દરમ્યાન “વન નેશન વન રેશનકાર્ડ” યોજના હેઠળ લાભાર્થીઓએ આ મુજબ લાભ મેળવેલ છે.

| જિલ્લાનું નામ | નેશનલ પોર્ટિબિલિટી ટ્રાન્ઝેકશન (બીજા રાજ્યોના લાભાર્થીઓ) | સ્ટેટ લેવલ પોર્ટિબિલિટી ટ્રાન્ઝેકશન ( બીજા જિલ્લાના લાભાર્થીઓ) |
|---|---|---|
| તાપી | ૩૪૬ | ૧૦,૭૨૮ |

| સમગ્ર રાજયમાં | નેશનલ પોર્ટિબિલિટી ટ્રાન્ઝેકશન (બીજા રાજ્યોના લાભાર્થીઓ) | સ્ટેટ લેવલ પોર્ટિબિલિટી ટ્રાન્ઝેકશન ( બીજા જિલ્લાના લાભાર્થીઓ) |
|---|---|---|
| | ૧,૧૬,૪૮૮ | ૨૪,૬૫,૭૯૮ |

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન :- ૫ તાપી જિલ્લામાં અનાજ સિવાય અપાતા જથ્થાનું વિતરણ પ્રમાણ તથા વિતરણ ભાવ શું છે?**

**જવાબ :- માનનીય અધ્યક્ષશ્રી,**

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તાપી જિલ્લામાં અનાજ સિવાય અપાતા જથ્થાનું વિતરણ પ્રમાણ તથા વિતરણ ભાવ આ મુજબ છે.

<table>
<tr><th>આવશ્યક ચીજ વસ્તુ</th><th colspan="2">મળવાપાત્ર જથ્થો</th><th>વિતરણ ભાવ</th></tr>
<tr><td>તુવેરદાળ</td><td colspan="2">કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા</td><td>રૂ. ૫૦/- પ્રતિ કિ.ગ્રા</td></tr>
<tr><td>ચણા</td><td colspan="2">કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા</td><td>રૂ. ૩૦/- પ્રતિ કિ.ગ્રા</td></tr>
<tr><td rowspan="2">ખાંડ</td><td>બી.પી.એલ</td><td>વ્યક્તિદિઠ: ૩૫૦ ગ્રામ</td><td>રૂ. ૨૨/- પ્રતિ કિ.ગ્રા.</td></tr>
<tr><td>અંત્યોદય</td><td>ત્રણ વ્યક્તિ સુધીનાકાર્ડ માટે<br>કાર્ડ દિઠ: ૧ કિ.ગ્રામ<br>ત્રણથી વધુ વ્યક્તિવાળા કાર્ડ માટે વ્યક્તિદિઠ: ૩૫૦ ગ્રામ</td><td>રૂ. ૧૫/- પ્રતિ કિ.ગ્રા.</td></tr>
<tr><td rowspan="2">તહેવાર માટે ખાંડ વર્ષમાં બે વખત</td><td colspan="2">કાર્ડ દીઠ : ૧ કિ.ગ્રા.(અંત્યોદય)</td><td>રૂ.૧૫ /- પ્રતિ કિ.ગ્રા</td></tr>
<tr><td colspan="2">કાર્ડ દીઠ : ૧ કિ.ગ્રા.(બી.પી.એલ)</td><td>રૂ.૨૨/- પ્રતિ કિ.ગ્રા</td></tr>
<tr><td>ડબલ ફોર્ટીફાઈડ મીઠું</td><td colspan="2">કાર્ડ દીઠ : ૧ કિ.ગ્રા.</td><td>રૂ. ૧/- પ્રતિ કિ.ગ્રા</td></tr>
<tr><td>તહેવાર માટે સીંગતેલ વર્ષમાં બે વખત (સપ્ટેબર-૨૦૨૩ અને નવેમ્બર-૨૦૨૩)</td><td colspan="2">કાર્ડ દીઠ – ૧ લીટર પાઉચ</td><td>રૂ.૧૦૦/- પ્રતિ પાઉચ</td></tr>
</table>

**મુખ્ય પેજ પર જવા માટે**

**પ્રશ્ન :– ૬ રાજ્ય અને તાપી જીલ્લામાં ફેબ્રુઆરી–૨૦૨૪ ની સ્થિતિએ કેટેગરીવાર કુલ કેટલા રેશનકાર્ડ ધારકો છે?**

**જવાબ : માન અધ્યક્ષશ્રી,**

રાજ્ય અને તાપી જીલ્લામાં ફેબ્રુઆરી–૨૦૨૪ ની સ્થિતિએ કેટેગરીવાર રેશનકાર્ડ ધારકોની વિગત આ મુજબ છે.

- **તાપી જિલ્લામાં કુલ ૧.૭૮ લાખ રેશનકાર્ડ અને ૮.૦૮ જન સંખ્યા પૈકી અંત્યોદય રેશનકાર્ડની સંખ્યા ૩૦ હજાર અને જન સંખ્યા ૧.૩૧ લાખ તેમજ અગ્રતા ધરાવતા રેશનકાર્ડની સંખ્યા ૧.૧૧ લાખ અને જન સંખ્યા ૫.૨૮ લાખ છે. આમ કુલ ૧.૪૧ લાખ રેશનકાર્ડ અને ૬.૫૯ જન સંખ્યાને એન.એફ.એસ.એ કાયદા હેઠળ સમાવેશ કરેલ છે.**
- **તાપી જિલ્લામાં નોન– એન.એફ.એસ.એ.ની કુલ ૩૭ હજાર રેશનકાર્ડ અને ૧.૪૯ લાખ જન સંખ્યા છે.**

**માનનીય અધ્યશ્રી,**

- **રાજયમાં ૧ કરોડ ૩૯ લાખ રેશનકાર્ડ અને ૬ કરોડ ૧૬ લાખ જન સંખ્યા પૈકી અંત્યોદય રેશનકાર્ડની સંખ્યા ૭.૭૩ લાખ અને જનસંખ્યા ૩૬.૬૩ લાખ તેમજ અગ્રતા ધરાવતા રેશનકાર્ડની સંખ્યા ૬૫.૫૭ લાખ અને જન સંખ્યા ૩ કરોડ ૨૧ લાખ છે. આમ કુલ ૭૩.૩૦ લાખ રેશનકાર્ડ અને ૩ કરોડ ૫૭ લાખ જન સંખ્યાને એન.એફ.એસ.એ કાયદા હેઠળ સમાવેશ કરેલ છે.**
- **રાજયમાં નોન– એન.એફ.એસ.એ.ની કુલ ૬૫.૨૯ લાખ રેશનકાર્ડ અને ૨ કરોડ ૫૯ લાખ જન સંખ્યા છે.**

[મુખ્ય પેજ પર જવા માટે]

**પ્રશ્ન :– ૭ ભારત સરકારે "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો–૨૦૧૩" ક્યારથી અમલમાં મુક્યો? જે રાજ્યમાં ક્યારથી લાગુ કરવામાં આવ્યો ?**

**જવાબ : માન અધ્યક્ષશ્રી,**

- માનવ જીવનક્રમ અભિગમમાં ખોરાક અને પોષણ સુરક્ષા પુરી પાડવા માટે લોકોને વ્યાજબી ભાવે ખોરાકની ગુણવત્તા અને જથ્થામાં વધારો કરવા અને તે સબંધિત અથવા પ્રસંગોપાત ગૌરવ સાથે જીવન જીવવા માટે ભારત સરકાર દ્વારા **"રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો–૨૦૧૩" જુલાઈ–૨૦૧૩ થી અમલમાં મુકવામાં આવેલ છે.**
- **જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ૧લી એપ્રિલ–૨૦૧૬** થી સમગ્ર રાજ્યમાં અમલ શરૂ કરવામાં આવેલ છે. "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો–૨૦૧૩" હેઠળ બે પ્રકારનાં કુટુંબોનો સમાવેશ થાય છે:

  {૧} "અંત્યોદય અન્ન યોજના" કુટુંબો અને

  {૨} "અગ્રતા ધરાવતા કુટુંબો" એટલે કે પ્રાયોરીટી હાઉસ હોલ્ડ કુટુંબો.
- સામાજિક આર્થિક વસ્તી ગણતરી–૨૦૧૧ના ડેટાબેઈઝના આધારે ગુજરાત રાજ્યની કુલ–૩૮૨.૮૪ લાખની વસ્તીને "રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા" હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક નક્કી કરાયેલ, જેમાં શહેરી વિસ્તારમાં ૪૮.૨% મુજબ ૨૫૮.૭૮ લાખ વસ્તી અને ગ્રામ્ય વિસ્તારમાં ૭૪.૬% ધોરણ મુજબ ૧૨૪.૦૬ લાખ વસ્તીનો સમાવેશ કરવાનો રહે છે.

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્નઃ–૮ સાયલન્ટ રેશનકાર્ડ એટલે શું અને તેને પુનઃ એકટિવ કરવાની શું કાર્યપધ્ધતિ છે ?**

**જવાબ. માનનીય અધ્યક્ષશ્રી,**

છેલ્લા ૬ માસ કે તેથી વધુ સમયથી જે કાર્ડધારકોએ રાહતદરના રાશનનો લાભ લીધેલ ન હોય તેવા રેશનકાર્ડ ધારકોની હયાતી, પાત્રતા તથા કુટુંબના સભ્યોની ખરાઈ થવી ખૂબ જરૂરી જણાયેલ.

આથી, રાજ્યના જે એન.એફ.એસ.એ. રેશનકાર્ડધારકો ૬ માસ કે તેથી વધુ સમયથી પોતાને મળવાપાત્ર રાશનનો જથ્થો લીધેલ ન હોય તેવા રેશનકાર્ડધારકોને સિસ્ટમમાં “સાયલન્ટ રેશનકાર્ડ” તરીકે ઓળખ કરવામાં આવે છે. તેવા સાયલન્ટ જણાયેલ રેશનકાર્ડને રદ કરવામાં આવતું નથી પરંતુ તદ્દન હંગામી ધોરણે આવા રેશનકાર્ડને સિસ્ટમમાંથી “ડિસેબલ/બ્લોક” કરવામાં આવે છે.

આવા રેશનકાર્ડને પુન:એકટિવ કરવા માટે રેશનકાર્ડધારકના કુટુંબના તમામ સભ્યોએ આધારકાર્ડની વિગતો સાથે નજીકની મામલતદાર/ઝોનલ કચેરીમાં જઈ બાયોમેટ્રિક આધારિત એટલે કે ઈ.કે.વાય.સી વેરિફિકેશન કરાવવાનું હોય છે. ઈ.કે.વાય.સી વેરીફીકેશન પ્રક્રિયા પૂર્ણ થયેથી રેશનકાર્ડને પુન:એકટિવ કરવામાં આવે છે અને તેઓને મળવાપાત્ર તમામ આવશ્યક ચીજવસ્તુનો જથ્થો રાબેતા મુજબ આપવામાં આવે છે.

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન :- ૯ મીલેટમાં કયા પ્રકારના અનાજનો સમાવેશ થાય છે?**

**જવાબ : માન અધ્યક્ષશ્રી,**

- યુનાઈટેડ નેશન્સ ઓર્ગનાઈઝેશન દ્વારા વર્ષ ૨૦૨૩ને "આંતરરાષ્ટ્રીય મીલેટ વર્ષ" તરીકે જાહેર કરવામાં આવેલ છે. મીલેટમાં જુવાર, બાજરી, રાગી, રાજગરો વિગેરે જેવાનો સમાવેશ થાય છે.
- મીલેટ "ફાઇબર" નો સમૃદ્ધ સ્રોત છે, જેમાંથી મેગ્નેશિયમ, ફોસ્ફરસ, આયર્ન, કેલ્શિયમ, ઝીંક અને પોટેશિયમ જેવા મીનરલ અને વિટામિન પ્રાપ્ત થાય છે.

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન :– ૧૦ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ તાપી જીલ્લામાં "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩" હેઠળ આવરી લેવા માટે તાલુકાવાઈઝ કેટલા રેશનકાર્ડધારકોએ અરજીઓ કરી, કેટલી અરજીઓ મંજૂર/નામંજૂર થઈ અને કેટલી પડતર છે ?**

**જવાબ : માન અધ્યક્ષશ્રી,**

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જીલ્લામાં "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩" હેઠળ આવરી લેવા માટે મળેલ અરજીઓની વાત કરૂ તો......

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી | મંજૂર | નામંજૂર | પડતર |
|---|---|---|---|---|---|
| ૧ | વાલોડ | ૧૯૩ | ૧૯૧ | ૦૨ | ૦ |
| ૨ | વ્યારા | ૪૮૨ | ૪૭૧ | ૧૧ | ૦ |
| ૩ | ડોલવણ | ૩૪૭ | ૩૪૭ | ૦ | ૦ |
| ૪ | સોનગઢ | ૩૮૫ | ૩૮૪ | ૦૧ | ૦ |
| ૫ | ઉચ્છલ | ૧૮૩ | ૧૮૩ | ૦ | ૦ |
| ૬ | નિઝર | ૧૪૯ | ૧૪૯ | ૦ | ૦ |
| ૭ | કુકરમુંડા | ૫૮ | ૫૭ | ૧ | ૦ |
| | કુલ | ૧૭૯૭ | ૧૭૮૨ | ૧૫ | ૦ |

- **અરજી ના મંજુર થવાના કારણો**

  **પાત્રતા ધરાવતા ન હોવાના કારણે અરજી ના મંજૂર કરવામાં આવે છે.**

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન :- ૧૧ જાન્યુઆરી-૨૦૨૩ થી ડિસેમ્બર-૨૦૨૩ દરમિયાન તાપી જિલ્લાની કેટલી વ્યાજબી ભાવની દુકાનોની તપાસો કરવામાં આવી અને શું પગલા લેવામાં આવ્યા?**

**જવાબ : માન અધ્યક્ષશ્રી,**

જાન્યુઆરી-૨૦૨૩ થી ડિસેમ્બર-૨૦૨૩ દરમિયાન તાપી જિલ્લાની વ્યાજબી ભાવની દુકાનોની કરેલ તપાસો અને લીધેલ પગલાની વિગતો આ મુજબ છે.

| **ક્રમ નં.** | **વિગત** | **વ્યાજબી ભાવની દુકાનોની** |
|---|---|---|
| | | **તાપી** |
| ૧ | કુલ તપાસોની સંખ્યા | ૧૦૪૭ |
| ૨ | દંડની રકમ રૂા. | ૨૨ લાખ |
| ૩ | પરવાના અનામત રાજ્યસાત રૂા. | ૩ લાખ |
| ૪ | પરવાના મોકુફ | ૭ |
| ૫ | પરવાના રદ | ૪ |

- **તાપી જિલ્લામાં પોલીસ કેસ અને પી.બી.એમ. થયેલ નથી.**

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન :– ૧૨ વિકલાંગ/સુરદાસ, એકલ વૃધ્ધ હોય, અસહાય હોય, વાજબી ભાવની દુકાન સુધી જઈ શકે તેમ ન હોય તો તેવા લાભાર્થી માટે કોઈ વ્યવસ્થા સરકારશ્રીએ વિચારેલ છે કે કેમ ?**

**જવાબ : માન અધ્યક્ષશ્રી,**

- આપણી સરકાર સમાજના દરેક તબક્કાના લોકોની દરકાર કરે છે. તમામ પ્રકારના લોકોને સરકારી સુવિધાનો મહત્તમ લાભ મળી રહે તે માટે સરકાર સંવેદનશીલ છે અને સતત સુયોગ્ય પગલાં ભરતી રહે છે.
- રાજય સરકારે તેના ભાગ રૂપે દિવ્યાંગ, એકલવૃધ્ધ કે અસહાય વ્યક્તિ, કે જેઓ વાજબી ભાવની દુકાન સુધી જઈ શકે તેમ ન હોય, તેવા સંજોગોમાં જે તે લાભાર્થિના કુટુંબના કોઈ નજીકના સંબધી કે કોઈ જવાબદાર વ્યક્તિને પાલક તરીકે નિયુકત કરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમાં ફોર્મ નં–૭ થી પાલક/વાલી તરીકે પોતાના સંબંધી, પડોશી કે જેને ઈચ્છે તેને નિયુકત કરી શકે છે. અને તેમનું આધાર સીડીંગ કરાવી, પાલકના આધાર આધારીત અધિકૃતતાના આધારે જથ્થો આપવામાં આવે છે.
- એક જ વ્યક્તિ એક કરતા વધુ કાર્ડ ધારકોના પાલક/ગાર્ડિયન બને ત્યારે એલર્ટ જનરેટ થાય અને મામલતદારશ્રીની મંજુરી વિના ગાર્ડિયન ન બની શકે તે માટે NIC ને જણાવવામાં આવે છે તેમજ પાંચથી વધુ વ્યક્તિના ગાર્ડિયન બનવા માટે D.S.O ની મંજુરી ફરજીયાત મેળવવાની થાય તે મુજબ સિસ્ટમમાં એલર્ટ રાખેલ છે.

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન :- ૧૩ "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩"(એન.એફ.એસ.એ) હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં "અગ્રતા ધરાવતા કુંટુબ" (PHH) નું રેશનકાર્ડ મેળવવા માટે પાત્રતાના ધોરણો શું છે ?**

**જવાબ : માન અધ્યક્ષશ્રી,**

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ (એન.એફ.એસ.એ) હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં "અગ્રતા ધરાવતા કુંટુબ"(PHH)નું રેશનકાર્ડ મેળવવા માટે પાત્રતાના ધોરણોની વાત કરૂ તો.......

- **ગ્રામ્ય વિસ્તારમાં "અગ્રતા ધરાવતા કુટુંબો" ની ઓળખ માટે:-**

[એ] ગ્રામ્ય વિસ્તારમાં "અગ્રતા ધરાવતા કુટુંબ"ની યાદીમાં સમાવેશ ન કરવા માટેના નીચે મુજબના ધોરણો છે.

બાકાત રાખેલ કુટુંબો સિવાયના તમામ હાઉસ હોલ્ડ કે જે સામાજીક આર્થિક વસ્તી ગણતરી-૨૦૧૧ (સોશ્યો ઈકોનોમિક કાસ્ટ સેન્સસ-૨૦૧૧)માં છે. તેમને "અગ્રતા ધરાવતા કુટુંબ" (પ્રાયોરિટી હાઉસહોલ્ડ-પી.એચ.એચ.) તરીકે માન્ય કરવાના રહેશે.

- કુટુંબ યાંત્રિક રીતે ચાલતું ૪ પૈડાનું વાહન ધરાવે છે.
- યાંત્રિક માછીમારીની બોટ ધરાવે છે.
- કુટુંબનો કોઈપણ સભ્ય સરકારી કર્મચારી છે, [સિવાય કે સરકારી કચેરી, બોર્ડ, નિગમ, અન્ય સરકારી એજન્સી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સહિત સંબંધિત કચેરીમાં આઉટસોર્સીંગથી વર્ગ-૪ ની કામગીરી કરતા હોય]
- કુટુંબનો કોઈપણ સભ્ય માસિક રૂ. ૧૫,૦૦૦/- થી વધુ આવક ધરાવતો હોય એટલે કે કુટુંબની વાર્ષિક આવક રૂ. ૧,૮૦,૦૦૦/- થી વધુ હોય
- કુટુંબનો કોઈપણ સભ્ય આવકવેરો કે વ્યવસાય વેરો ચુકવે છે.
- કુટુંબ ૫ એકર કે તેથી વધુ, બે કે તેથી વધુ સીઝનમાં પાક લેતી પિયતવાળી જમીન ધારણ કરે છે.
- કુટુંબ ૭.૫ એકર કે તેથી વધુ જમીન સાથે પિયત માટેનું સાધન ધારણ કરે છે.

[બી] **સમાવવા માટેના ધોરણ:**

- કુટુંબના પુખ્તવયના તમામ કમાતા સભ્યો અશક્ત હોય,
- ગંભીર રીતે બીમાર હોય
- ૬૦ વર્ષથી વધુ ઉંમરના હોય,

ઉકત કુટુંબને અગ્રતા ધરાવતા કુટુંબોમાં સમાવવાના રહેશે, ભલે પછી તે કુટુંબો ઉપર દર્શાવેલ [એ] પૈકીના કોઈ પણ ધોરણને લીધે "બાકાત" રાખવાપાત્ર હોય. છતાં પણ [બી] માં જણાવેલ વિગતોને ધ્યાને લઈને અગ્રતા ધરાવતા કુટુંબોમાં સમાવેશ કરવાના રહે.

**[સી] ઉપર્યુક્ત ધોરણો સિવાય નીચે મુજબના વ્યક્તિઓનો આવકની મર્યાદાને ધ્યાને લીધા સિવાય "અગ્રતા ધરાવતા કુટુંબના" લાભાર્થી તરીકે સમાવેશ કરવાનો રહેશે.**

- સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના નિયામકશ્રી, સમાજ સુરક્ષા હેઠળ નોંધાયેલ અથવા માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ ખાતે રહેતા
  - (૧) દિવ્યાંગ લાભાર્થીઓ
  - (૨) વૃદ્ધ પેન્શન મેળવતા લાભાર્થી
- સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ નોંધાયેલ અથવા સરકાર માન્ય સંસ્થાઓ ખાતે રહેતા ગંગાસ્વરૂપ વિધવા બહેનો
- સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ હેઠળનાં "ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ હેઠળ નોંધાયેલ બાંધકામ શ્રમયોગીઓ
- કોવિડ–૧૯ મહામારીમાં અનાથ બનેલ બાળકો તથા આવા અનાથ બાળકોના પાલક વાલી

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન :– ૧૪ "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩"(એન.એફ.એસ.એ) હેઠળ શહેરી વિસ્તારમાં "અગ્રતા ધરાવતા કુંટુબ" (PHH) નું રેશનકાર્ડ મેળવવા માટે પાત્રતાના ધોરણો શું છે ?**

**જવાબ : માન અધ્યક્ષશ્રી,**

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩ (એન.એફ.એસ.એ) હેઠળ શહેરી વિસ્તારમાં "અગ્રતા ધરાવતા કુંટુબ"(PHH)નું રેશનકાર્ડ મેળવવા માટે પાત્રતાના ધોરણોની વાત કરૂ તો.......

નીચેની કોઈપણ એક બાબતની વંચિતતા/અરક્ષિતતા ધારણ કરતાં કુટુંબને અન્ન સુરક્ષા માટે આવરવાના રહેશે,

- **આવાસીય અરક્ષિતતા :–**

[૧] કુટુંબ ઘર/મકાન વિહોણું છે,
[૨] કુટુંબ પ્લાસ્ટીક કે પોલીથીનની દિવાલ અને છાપરાવાળું મકાન/ઘર ધરાવે છે.
[૩] કુટુંબ ઘાસકુશ, વાંસ, છાણ, કાચી ઇંટ કે લાકડાની દિવાલ અને ઘાસકુશ, વાંસછાણ કે લાકડાની છતવાળુ એક ઓરડો કે તેથી ઓછુ મકાન/ઘર ધારણ કરે છે.

- **વ્યવસાયિક અરક્ષિતતા :–**

[૪] કુટુંબ કોઇ પણ સ્ત્રોતમાંથી આવક ધરાવતું નથી.
[૫] કુટુંબનો કોઇપણ સભ્ય [બાળક સહિત] ભીખારી, કચરો ઉપાડનાર, ઘરકામ કરનાર [જેઓને ખરેખર વળતર ચુકવવામાં આવતુ હોય] અને સફાઇ કામદાર/કચરો વાળનાર કે માળી તરીકેના કામમાં રોકાયેલ છે.
[૬] જે કુટુંબના પુખ્ત વયના બધા કમાતા સભ્યો રોજમદાર હોય કે અનિયમિત વળતર મેળવતા હોય.
[૭] ત્રણ પૈંડાવાળા યાંત્રિક વાહન ધરાવતા [ઓટો રીક્ષા/છકડો/મીની ટેમ્પો] વાહનચાલકો કે જેઓની માસિક આવક રૂા.૧૫, ૦૦૦/– થી ઓછી હોય.
[૮] જે કુટુંબનો કોઈપણ સભ્ય માસિક રૂ.૧૫,૦૦૦/– થી ઓછી આવક ધરાવતો હોય એટલે કે કુટુંબની વાર્ષિક આવક રૂ.૧,૮૦,૦૦૦/– થી ઓછી હોય.

- **સામાજિક અરક્ષિતતા –:**

[૯] જે કુટુંબના વડા તરીકે સગીર વ્યક્તિ હોય, એટલે કે કુટુંબના કોઈપણ સભ્ય ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના ન હોય,
[૧૦] જે કુટુંબમાં ૧૮ થી ૬૦ વર્ષના તમામ સભ્યો અશકતતા ધરાવતા હોય કે ગંભીર રીતે બીમાર હોય,
[૧૧] જે કુટુંબના પુખ્તવયના તમામ કમાતા સભ્યો અશકત હોય, ગંભીર રીતે બીમાર હોય કે ૬૦ વર્ષથી વધુ ઉંમરના હોય,
[૧૨] ઉપર્યુક્ત ધોરણો સિવાય શહેરી વિસ્તારમાં નીચે મુજબના વ્યક્તિઓનો આવકની મર્યાદાને ધ્યાને લીધા સિવાય એન.એફ.એસ.એ. હેઠળ "અગ્રતા ધરાવતા કુટુંબના" લાભાર્થી તરીકે સમાવેશ કરવાનો રહેશે.

(૧) દિવ્યાંગ લાભાર્થીઓ
(૨) વૃદ્ધ પેન્શન મેળવતા લાભાર્થી
(૩) ગંગાસ્વરૂપ વિધવા બહેનો
(૪) બાંધકામ શ્રમયોગીઓ

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન :- ૧૫ વ્યાજબી દુકાન સંચાલકોને લાભાર્થીઓને વિતરણ કરવા માટે જથ્થો ફાળવવાની પદ્ધતિ શું છે?**

**જવાબ :- માનનીય અધ્યક્ષશ્રી,**

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ દુકાન સંચાલકોને લાભાર્થીઓને વિતરણ કરવા માટે જથ્થો ફાળવવાની પદ્ધતિ આ મુજબ છે.

## જાહેર વિતરણ વ્યવસ્થા

- **ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (FCI)**
- **રીલીઝ ઓર્ડર**
- **ઓનલાઈન ટ્રાન્સપોર્ટ પાસ**
- **પરીવહન**
- **પ્રમાણિકરણ અને સ્ટોક એન્ટ્રી**
- **દુકાનદાર દ્વારા ડિઝિટલ પેમેન્ટથી નાણાં જમા**
- **ઓનલાઈન ડિલીવરી ચલણ**
- **(DSD) કોન્ટ્રાક્ટર દ્વારા ડોરસ્ટેપ ડિલીવરી**
- **(DSD)કોન્ટ્રાક્ટર દ્વારા EPOD (Electronic Proof of Delivery) બંધ કર્યા બાદ**
- **જથ્થાની ઈફેક્ટ**
- **e-FPS (login)**
- **લાભાર્થીઓને આધાર આધારીત વિતરણ**

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન :– ૧૬ તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર અનાજ સિવાયની અન્ય આવશ્યક ચીજ વસ્તુના જથ્થાના વિતરણની શું માહિતી છે ?**

**જવાબ : માન અધ્યક્ષશ્રી,**

અનાજ સિવાય અન્ય આવશ્યક ચીજવસ્તુઓનુ તા:૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ એક વર્ષમાં થયેલ વિતરણ આ મુજબ છે.

| તાલુકાનુ નામ | ખાંડ | સીંગ તેલ (પાઉચ) | મીઠું | તુવેરદાળ | ચણા |
|---|---|---|---|---|---|
| **ઉચ્છ્લ** | ૩૩૦ મે.ટન | ૪૦૪૯૬ પાઉચ | ૧૫૫ મે.ટન | ૭૯ મે.ટન | ૨૩૦ મે.ટન |
| **કુકરમુંડા** | ૧૬૬ મે.ટન | ૧૯૧૨૩ પાઉચ | ૮૦ મે.ટન | ૪૦ મે.ટન | ૯૭ મે.ટન |
| **ડોલવણ** | ૧૯૮ મે.ટન | ૩૩૮૦૫ પાઉચ | ૧૪૫ મે.ટન | ૭૨ મે.ટન | ૧૮૨ મે.ટન |
| **નિઝર** | ૧૯૨ મે.ટન | ૨૨૩૦૬ ઉચ | ૯૫ મે.ટન | ૪૬ મે.ટન | ૧૧૯ મે.ટન |
| **વલોડ** | ૨૧૯ મે.ટન | ૨૮૮૬૯ પાઉચ | ૧૨૨ મે.ટન | ૬૭ મે.ટન | ૧૪૯ મે.ટન |
| **વ્યારા** | ૨૭૬ મે.ટન | ૫૩૪૬૫ પાઉચ | ૨૨૬ મે.ટન | ૧૨૫ મે.ટન | ૨૭૪ મે.ટન |
| **સોનગઢ** | ૫૩૩ મે.ટન | ૭૬૮૪૯ પાઉચ | ૩૨૩ મે.ટન | ૧૬૬ મે.ટન | ૪૦૪ મે.ટન |
| **કુલ** | **૧૯૧૪ મે.ટન** | **૨૭૪૯૧૩ પાઉચ** | **૧૧૪૬ મે.ટન** | **૫૯૫ મે.ટન** | **૧૪૫૫ મે.ટન** |

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન :– ૧૭ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩ હેઠળ કોને લાભ મળવાપાત્ર છે અને તાપી જિલ્લામાં હાલની સ્થિતિએ કેટલા લાભાર્થીઓ નોંધાયેલ છે?**

**જવાબ : માન અધ્યક્ષશ્રી,**

- રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩ (N.F.S.A.) હેઠળ બે કેટેગરીનાં કુટુંબોનો સમાવેશ થાય છે:

(૧) અંત્યોદય અન્ન યોજના તથા

(૨) "અગ્રતા ધરાવતા કુટુંબો"

- ભારત સરકાર દ્વારા સામાજીક આર્થિક વસ્તી ગણતરી–૨૦૧૧ના ડેટાબેઇઝના આધારે કુલ–૩૮૨.૮૪ લાખની વસ્તીને એન.એફ.એસ.એ. કાયદામાં આવરી લેવાનો લક્ષ્યાંક નક્કી કરાયેલ છે.
- રાજ્ય સરકાર દ્વારા "અગ્રતા ધરાવતા કુટુંબો" ની પસંદગીના ધોરણો વર્ષ–૨૦૧૪ માં નિયત કરાયેલ, જેમાં વર્ષ–૨૦૨૦માં જરૂરી સુધારા કરાયેલ છે.
- સરકારશ્રીના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો વિભાગના તા.૧૩/૧૦/૨૦૨૦, તા.૧૭/૧૦/૨૦૨૦, તા.૨૧/૧૦/૨૦૨૦, તા.૦૭/૦૭/૨૦૨૧, તા.૨૯/૦૧/૨૦૨૨ અને તા.૧૪/૦૩/૨૦૨૩ ના ઠરાવોથી 'અગ્રતા ધરાવતા કુટુંબો' ની ઓળખ કરવા માટેના ધોરણોમાં જરૂરી ફેરફાર કરી પાત્રતા ધરાવતા હોય, પરંતુ N.F.S.A.ના કાયદાના લાભથી વંચિત રહેલ દિવ્યાંગ, વિધવા, વૃધ્ધજન, બાંધકામ શ્રમિકો જેવા લાભાર્થીઓને કાયદા હેઠળ સમાવવા માટે ઝુંબેશ હાથ ધરી, સમાવેશ કરવાની કાર્યવાહી કરેલ છે.
- પાત્રતા ધરાવતા હોય, પરંતુ આ કાયદાના લાભથી વંચિત રહી ગયેલ સાચા લાભાર્થીઓ સમાવવા માટે સરકારશ્રી દ્વારા તા:૨૩/૦૩/૨૦૧૬ તથા તા:૨૧/૧૦/૨૦૨૦ ના ઠરાવથી જિલ્લા તથા તાલુકા/શહેર કક્ષા એમ દ્વિસ્તરીય સમિતીની રચના કરવામાં આવેલ છે. જેમાં સમિક્ષા બાદ પાત્રતા ધરાવતા લાભાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. રેશનકાર્ડમાં સમાવેશ કરવાની બાબત એ સતત ચાલતી પ્રકિયા છે.
- દ્વિસ્તરીય સમિતીના સભ્યોની વિગતો આ પ્રમાણે છે.

**(૧) જીલ્લા કક્ષાની સમિતિના સભ્યો : –**

- કલેકટરશ્રી – અધ્યક્ષશ્રી
- નિવાસી અધિક કલેકટરશ્રી, સભ્યશ્રી
- નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સભ્યશ્રી
- જિલ્લા પુરવઠા અધિકારી, સભ્ય સચિવશ્રી.

**(૨) મહાનગરપાલિકા વિસ્તાર માટે સમિતિના સભ્યો : –**

- કલેકટરશ્રી નિયુકત કરે તે વર્ગ–૨ ના અધિકારીશ્રી, અધ્યક્ષશ્રી
- ઝોનલ ઓફિસરશ્રી, સભ્ય સચિવશ્રી,
- પુરવઠા નિરીક્ષકશ્રી (ઝોનલ કચેરીના), સભ્યશ્રી
- જે તે વિસ્તારના વોર્ડ ઓફીસરશ્રી, સભ્યશ્રી

**(૩) તાલુકા કક્ષાની સમિતિના સભ્યો : –**

- મામલતદારશ્રી, અધ્યક્ષશ્રી
- તાલુકા વિકાસ અધિકારીશ્રી, સભ્યશ્રી
- નાયબ મામલતદારશ્રી (પુરવઠા), સભ્ય સચિવશ્રી

**(૪) નગરપાલિકા વિસ્તાર માટે સમિતિના સભ્યો : –**

- મામલતદારશ્રી, અધ્યક્ષશ્રી
- ચીફ ઓફીસરશ્રી, સભ્યશ્રી,
- નાયબ મામલતદારશ્રી (પુરવઠા), સભ્ય સચિવશ્રી

- માહે: ફેબ્રુઆરી–૨૦૨૪ ની સ્થિતિએ તાપી જિલ્લામાં કુલ–૧.૪૧ લાખ કુટુંબોની ૬ લાખ ૫૯ હજાર વસ્તીને રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩ (N.F.S.A.) હેઠળ આવરી લેવામાં આવેલ છે.

મુખ્ય પેજ પર જવા માટે